

**ડૉ. મનુ જપી**

લૅબોરેટરીઓમાં પ્રયોગો કર[illegible]ા બહાને આખી દુનિયાનાં અળસિ[illegible] ઉંદર, સસલાં અને વાંદરાંની નસલો નેસ્તનાબૂદ કર્યા પછી આ તમારા કહેવાતા હિતેચ્છુઓ (વૈજ્ઞાનિકો)એ એમની અવળચંડી શોધોના અખતરા કરવા ત્રીજા વિશ્વનાં માસુમ બાળકો પર ડોળો માંડ્યો છે.

# ટીકા લગાઓ



**ડૉ. મનુ જપી**

## અનુક્રમ

| | | |
|---|---|---|
| ૧. | ટીકાજનક : એડવર્ડ જેનર | ૫ |
| ૨. | પરદા જો ઊઠ ગયા તો ?...તો ? | ૯ |
| ૩. | ભેદ ખૂલ જાયેગા | ૧૩ |
| ૪. | લાકડાની તલવાર | ૧૭ |
| ૫. | મેડિકલ સાયન્સની મિથ્યાલૉજી | ૨૧ |
| ૬. | મેડિકલ સાયન્સની મિથ્યાલૉજી નં. ૨ | ૨૪ |
| ૭. | મેડિકલ સાયન્સની મિથ્યાલૉજી નં. ૩ | ૨૬ |
| ૮. | મેડિકલ સાયન્સની મિથ્યાલૉજી નં. ૪ | ૨૭ |
| ૯. | વેક્સીનો નવી બીમારીઓ પેદા કરે છે | ૨૯ |
| ૧૦. | અને ફરી મળીએ તે પહેલાં | ૩૧ |

# ૧. ટીકાજનક : એડવર્ડ જેનર

સારવારોના કીચડથી ખદબદતા ઈતિહાસમાં અમુક નામો એવાં છે જે, એમણે કરેલી શોધોના કારણે જગવિખ્યાત બની ગયાં હોય, પરંતુ એમણે કરેલી શોધોએ થોડા માનવીઓનું થોડા સમય સુધી કદાચ ભલું કર્યું હશે પરંતુ એ શોધોના આધારે તે પછીના સ્વાર્થી સારવારિયાઓએ આમ જનતાને પદ્ધતિસર ચૂસી ચૂસીને લૂંટવામાં અને રિબાવી રિબાવીને મારવામાં જ ઉપયોગ કરી એ શોધોને અને પેલા શોધકને શાપિત કરી નાંખ્યા હોય.

એન્ટી સેપ્ટિકનો શોધક લીસ્ટર કે પેનીસીલીનનો શોધક એલેકઝાન્ડર ફ્લેમિંગ આવા શોધકોમાંના નમૂના છે.

આપણી આ પુસ્તિકાનો વિષય વેક્સીનનો શોધક એડવર્ડ જેનર પોતે જ અગર જો પેદા જ ન થયો હોત તો આજનાં અને હવે પછી પેદા થનારાં નિર્દોષ બાળકોને એણે કરેલી વાહિયાત શોધના ભોગ ના બનવું પડ્યું હોત.

ઈ.સ. ૧૭૪૯માં જન્મેલો અને ૧૮૨૩માં ચુમ્મોતેર વર્ષની પાકટ ઉમ્મરે મરી ગયેલા એડવર્ડ જેનરને એની માએ બાળપણમાં કોઈ વેક્સીન આપ્યું ન હતું, છતાં પણ ચુમ્મોતેર વર્ષની વયે એ જાડો, પાડો, તગડો ને નિરોગી હશે એમ એનું ચિત્ર સ્પષ્ટ જણાવે છે.

જંતુનાશક દવાઓ Incecticides and pesticidesના સર્જેલા વિનાશો એ આવા વિકૃત માનસવાળા માનવીઓના વાનરવેડાના નગ્ન પુરાવા છે. (ભોપાલ ગેસ)

કીટાણુઓને જથ્થાબંધ મારનારાં એન્ટીસેપ્ટીક્સની શોધ કરનારો જોસેફ લીસ્ટર નામનો આવો જ એક શખ્સ હતો, જેણે ૧૮૬૫માં એન્ટીસેપ્ટીક્સની શોધ કરી દુનિયાભરના તકસાધુઓને કીટાણુમારખાં બનાવી રાતોરાત અબજોપતિઓ બનાવી દીધા.

એડવર્ડ જેનરે કરેલી અવળચંડી શોધને વટાવીને ચરી ખાવા નીકળી પડેલા એના વારસદારોનું એમ કહેવું છે કે બાળકને જન્મ પછીના એક વરસની અંદર જુદા જુદા રોગોનાં જંતુઓ એના શરીરમાં ઘુસાડી દેવામાં આવે તો એ બાળકનું શરીર આપમેળે એવું ઘડાઈ જાય કે હવે પછીની જિંદગીમાં એને આવી કોઈ બીમારી થાય જ નહીં. એ રોગ પ્રૂફ થઈ જાય.

*વાહ... ક્યા બાત હૈ...!*
*તાલીયાં, અરે ભઈ ઔર*
*જોરસે તાલીયાં...*
*પાડી લીધા તાબોટા ?*
*અબ આઈયે...*
*પર્દે કે પીછે ભી એક નઝર કર હી લેં...*

❑



# ૨. પરદા જો ઊઠ ગયા તો ?...તો ?

## એક સત્ય કથા

JOSIE Mc Nally - જોસી મેકનલ્લી એના એક વરસના રૂપાળા તંદુરસ્ત ગોળમટોળ બાબા વિલિયમને ખોળામાં લઈને રમાડી રહી હતી. એટલામાં એના ડોક્ટરને ત્યાંથી ફોન આવ્યો. આ વાત છે ૧૯૯૨ના ડિસેમ્બર મહિનાની.

"તમારા બાબાને રૂટિન મીઝલ્સ, મમ્પ્સ અને રૂબેલા (MMR) વેક્સીન આપવાનો સમય થઈ ગયો છે. આવતી કાલે એને દવાખાને લઈને આવજો અને વેક્સીન અપાવી જજો."

આ પહેલાં પણ વિલિયમને પાંચછ જાતનાં વેક્સીન્સ આપ્યાં હતાં. વિલિયમને ખાસ કોઈ તકલીફ થયેલી નજરે પડી ન હતી. જોસીને ઊલટાનું ડોક્ટર પ્રત્યે માન થયું "ડોક્ટર મારા વ્હાલા વિલિયમની કેટલી કાળજી રાખે છે ?"

વિલિયમને MMR વેક્સીન આપવાના બરાબર દસમા દિવસે એકાએક આકાશ તૂટી પડ્યું.

વિલિયમના હાથપગ ખેંચાવા લાગ્યા. મોઢામાંથી ફીણ નીકળવા લાગ્યાં, ડોળા અધ્ધર ચડી ગયા.

જોસી અને એના પતિએ વિલિયમને એમ્બ્યુલન્સમાં નાંખીને હૉસ્પિટલ ભેગો કર્યો.

વેક્સીન આપ્યા પછીના દસ દિવસમાં જોસીએ વિલિયમને બીજી કોઈ દવા આપી ન હતી એટલે એણે સહજ રીતે ડૉક્ટરને કહ્યું :

"ડૉક્ટરસાહેબ, મને તો વિલિયમને આપેલા MMR વેક્સીનનું રીએક્શન આવ્યું હોય તેવું લાગે છે."

વિલિયમને તપાસનાર ડૉક્ટર જ નહીં, હૉસ્પિટલના અન્ય ડૉક્ટરો, નર્સો અને સ્ટાફના માણસો પણ જોસી પાગલ થઈ ગઈ હોય તેમ એની મશ્કરી કરવા લાગ્યા. "વેક્સીન અને રીએક્શન ?" કાગડાને બેસવું અને ડાળનું પડવું – "વિલિયમ સારો થઈ જશે, અમે તપાસ કરીએ છીએ. કારણ કંઈક બીજું જ છે, જે હશે તે ખબર પડી જશે. તમે ફિકર ના કરો. અમે બેઠા છીએ ને ?"

પરંતુ વિલિયમની તબિયત દિવસે દિવસે બગડતી જ ચાલી. હવે તો એને દિવસ દરમિયાન જ ચાલીસ વાર ફીટ્સ આવવા લાગી, આંકડીના દૌરા પડવા લાગ્યા અને એની સમગ્ર પ્રતિકારશક્તિનું મેકેનીઝમ આજીવન પૂરતું ખોરવાઈ ગયું.

વિલિયમ ત્રણ વરસનો થયો, ત્યાં સુધીમાં તો હવે એની ફીટ્સ દવાઓથી કંટ્રોલમાં પણ આવતી નથી. ત્રણ વરસનો છોકરો માનસિક અને શારીરિક રીતે દોઢ વરસના છોકરા જેટલો જ વિકાસ કરી શક્યો છે.



વિલિયમને લઈને સતત હૉસ્પિટલના દૌરા કરતી જોસીને એના જેવી બીજી પણ માતાઓ મળવા લાગી. જેઓનાં બાળકોને પણ MMR વેક્સીનો અપાવ્યાં પછી વિવિધ તકલીફો ઊભી થઈ હોય અને હૉસ્પિટલમાં સારવારો કરાવવા આવી હોય.

જોસીએ જરા વધુ ઉંડાણમાં તપાસ કરી તો જાણવા મળ્યું કે, વિલિયમને વેક્સીન આપ્યું એ પછીના પંદર દિવસની અંદર જ MMR વેક્સીન આપવાનું સરકારે એકાએક બંધ કરી દીધું હતું. ડૉક્ટરો પાસે કે હેલ્થ સેન્ટરોમાં આપવા માટે મૂકેલાં વેક્સીનો પાછાં ખેંચી લીધાં હતાં. અલબત્ત ગુપચુપ ઢંઢેરો પીટ્યા વગર ચૂપકે ચૂપકે, અને આવું એકાએક શા માટે કરવામાં આવ્યું છે એની માહિતી આપવા કોઈ માઈનો લાલ તૈયાર ન હતો (પેલા જે ડૉક્ટરે વિલિયમને ઘેરથી બોલાવી MMR આપ્યું હતું એ પણ નહીં.).

આજની તારીખમાં પણ આવાં MMR વેક્સીનો કેટલાં બાળકોને બળજબરીથી આપી કેટલાં બાળકોની જિંદગીઓ બરબાદ કરી કે એમનાં મા-બાપોની યાતનામાં વધારો કર્યો એનો હિસાબ કોઈ પાસે મળતો નથી – મળવાનો પણ નથી.

* * *

એક હોનહાર તંદુરસ્ત સાજા સારા માસુમ બાળકની જિંદગી એક એવા ટીકા-વેક્સીને બરબાદ કરી કે જે આપવાથી

વિલિયમને ભવિષ્યમાં આવી કોઈ બીમારી નહીં આવે એવી ખાતરી આપવામાં આવી હતી. વેક્સીન રીતસર એવું ઈમોશનલ બ્લેકમેઈલ કરીને આપવામાં આવ્યું હતું કે આવું વેક્સીન નહીં આપો તો તમારું બાળક બીમારીમાં મરી જશે. વળી વેક્સીન વિલિયમનાં માતા-પિતાએ માંગીને નહોતું લીધું જબરજસ્તીથી આપવામાં આવ્યું હતું.

આવાં MMR વેક્સીનો આપેલા કેટલાં બાળકો ભ્રષ્ટાચારથી ખદબદતા મેડિકલશાસ્ત્રના પાપે કેવું યાતનામય જીવન જીવતા હશે ? એમની અને એમનાં માતા-પિતાની માનસિક, શારીરિક, કૌટુમ્બિક, સામાજિક, આર્થિક અને વ્યવસાયિક જિંદગીઓ કેટલા પ્રમાણમાં ચૂંથાઈ ગઈ હશે ? એની આવા વેક્સીન બનાવનાર પિશાચોને નથી કંઈ પડી કે નથી થવાની એમને આવાં પિશાચી કૃત્યો બદલ કંઈ શિક્ષા.

આવા કૌભાંડોમાંથી શીખીને વળી આવાં ફાલતુ વેક્સીનો બનાવવાનું સદંતર બંધ કરી દીધું હોત તો એમ પણ મન વાળત કે ચાલો ભૂલ્યા ત્યાંથી ફરી ગણીએ. પણ ના, આવું તો મેડિકલશાસ્ત્રમાં એકધારું ચાલ્યા જ કરે છે. બૂમાબૂમ થયા પછી એક દવા રાતોરાત બજારમાંથી ગુમ થઈ જાય એ પહેલાં તો બીજી દસ દવાઓ એનાથીય વિષમ પરિણામો વાળી ગોઠવાઈ ગઈ હોય છે. મારમફત એનો ઈસ્તેમાલ



થતો રહે છે અને લાખ્ખો કરોડો જિંદગીઓ સારવાર અને સ્વાસ્થ્યના રૂપાળા નામે પાયમાલ થતી રહે છે.

CARES WHO ?

COURTESY : W. D. D. T. Y. Page 113-114.

MEASLES, MUMPS, RUBELLA MMR
ઓરી ગાલપચોડું જર્મન મિઝલ્સ VACCINE

❑

## ૩. ભેદ ખૂલ જાયેગા

આગળના પ્રકરણમાં MEASLES એટલે કે ઓરી આપણા હિંદુસ્તાનમાં અજાણ્યાં નથી. MUMPS એટલે ગાળપચોડાં પણ ઘરઘરમાં જાણીતા છે. ફક્ત જર્મન મિઝલ્સ ખાસ આપણને લાગુ પડતું નથી. (ઓરી પણ ઈમ્પોર્ટેડ કેમ ના હોય ?)

મારાં બા ડાહીબા એટલે સાચોદર ગામના ચિલ્ડ્રન સ્પેશિયાલીસ્ટ. અમૃતાંજન બામનો પતરાનો ડબો એ એમની મોબાઈલ ડિસ્પેન્સરી અને ઠાંસી ઠાંસીને ભરેલા ઘસારવાં એ એમની દવાઓ.

એમનું એક ધ્રુવ વાક્ય "નાનપણમાં છોકરાંને જેટલી બીમારી આવી જાય એટલી સારી. એનું શરીર ઘડાઈ જાય.

આધુનિક વેક્સીનેશનનો આખો સિદ્ધાંત આ એક વાક્યમાં સમાઈ જાય છે. જો એ લોકોને સમજવો હોય તો. પણ એ સમજવા માગતા જ નથી કારણ એમને ધંધો કરવો છે.

"બાળરોગો" એ શબ્દ જ હકીકતમાં ગેરમાર્ગે દોરનારો છે. જન્મ પછીના સમયમાં પુખ્ત ઉમ્મરનું થતા સુધીમાં જે કંઈ ફેરફારો થાય છે, એની એક યા બીજા પ્રકારે થતી અસુવિધાઓ બાળકના શરીર પર દેખાય જ છે. એ દરેક DIS-EASE, રોગ DISEASE નથી એ મેડિકલશાસ્ત્ર જાણે છે છતાં એના ઈલાજો કરી ઉછેરની ક્રિયામાં ડખલ કરે છે એટલું જ નહીં, આવું કશું ઉછેર દરમિયાન થવું જ ના જોઈએ. એ માટે સાવ ફાલતુ વિષારી-વિનાશકારી વેક્સીનો જબરજસ્તીથી આપે છે.

સમગ્ર વેક્સીન વિષે સીમિત જગ્યામાં બધું ન લખી શકાય એટલે MMRને નમૂના રૂપ રાખી એની પૂરી વિગતો જાણી લઈએ. જે બધી જ જાતના વેક્સીનોને એક સરખી લાગુ પાડી શકાય છે.

MMR વેક્સીનના દલાલોએ એ વેક્સીનના ધરખમ ફાયદા જણાવતા ધરખમ પ્રચારો શરૂ કર્યા તે પહેલાં જ, નિયમ મુજબ આ વેક્સીનની તપાસણી THE UK'S PUBLIC HEALTH LABORATORY SERVICE દ્વારા થઈ ચૂકી હતી અને એનો રિપોર્ટ પણ આવી ગયો હતો.



**હવે જરા ખૂબ ધ્યાનથી વાંચો.**

આ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું હતું કે –

***QUOTE :***

***"Children given MMR Vaccines were three times more likely to suffer from convulsions, than those who didn't receive it. two thirds of the cases of seizures were due to the measles component alone.***

The study also found that the MMR Vaccine caused five times the number of cases of a rare blood disorder over that expected.

This study was never mentioned during the campaign but was only published in the medical literature and not until four months after the campaign was completed.

Ref : THE LANCET, 1995; 345; 567-9.

**ભાવાનુવાદ :**

ધી યુ.કે., પબ્લીક હેલ્થ લેબોરેટરી સર્વિસ જેવી જવાબદાર સરકારી સંસ્થાએ જરૂરી પરીક્ષણ કર્યા પછી

MMR વેક્સીનનાં ભયંકર નુકસાનો વિષે પોતાનો રિપોર્ટ વેળાસર આપી દીધો હોવા છતાં આ વેક્સીનોના દલાલો અને આડતિયાઓએ આ રિપોર્ટને ઈરાદાપૂર્વક દબાવી દીધો, અવગણના કરી અને એમનાં પ્રચારનાં ઢોલ-નગારાં અને ડાકલાં ફાટે મોઢે વેક્સીનથી થતા ફાયદાના નારા લગાવવા લાગ્યા.

આ રિપોર્ટમાં એમ સ્પષ્ટ જણાવ્યું હતું કે જે બાળકોને આ MMR વેક્સીન આપવામાં આવશે એમને અન્ય બાળકો કરતાં ફીટ આંકડી-તાણ આવવાના સંજોગો ત્રણ ઘણા વધી જશે (વિલિયમને ફીટ આંકડી આવી હતી). ફીટ આંકડીનો ગંભીર પ્રકાર Seizures જેવા કેસોમાના ૨/૩ કેસો તો MMRના ત્રણ જાતના વેક્સીનમાંના ફક્ત મીઝલ્સમાં જે પદાર્થ વાપરવામાં આવતો હતો તેનાથી થઈ શકતા હતા.

આ રિપોર્ટમાં એમ પણ જણાવવામાં આવ્યું હતું કે MMR વેક્સીનથી બાળકના લોહીમાં એક વિશિષ્ટ પ્રકારની વિકૃતિ પેદા થાય છે જે સામાન્યપણે થતી લોહીની વિકૃતિની સરખામણીમાં પાંચ ઘણી વધુ માત્રામાં થાય છે (પેલા અભાગિયા વિલિયમને આ લોહીની વિકૃતિ પણ થઈ હતી.).

વ્યાવસાયિક નીતિ-નિયમોની અધમતાની પરાકાષ્ટા તો ત્યારે આવે છે કે જ્યારે આ સમયસર આવેલા ભયાનક



રિપોર્ટમાંની એક પણ ચેતવણી આ હરામખોરોએ પેલા એમના પ્રચારના ડાકલાં વગાડતાં ભૂલમાં પણ નહોતી કરી. અરે નિયમ પ્રમાણે ચેતવણીના સ્વરૂપે મેડિકલ લીટરેચરોમાં છાપવું જરૂરી એવી આ ચેતવણી પણ ખૂબ જ સગવડપૂર્વક એમનો પ્રચાર પૂરો થવાના ચાર મહિના પછી છાપવાનું મુનાસિફ માન્યું હતું.

બોલો, કંઈ કહેવું છે તમારે ?

❑

## ૪. લાકડાની તલવાર

શરીરની પોતાની રોગપ્રતિકારક શક્તિ (Immunity)નું સીધુંસાદું સરળ શાસ્ત્ર એમ કહે છે કે શરીરમાં લગભગ દુનિયામાં જેટલા રોગ અસ્તિત્વમાં છે એ બધા જ રોગોના જીવાણુ સામે લડી લેવાની શક્તિ સુષુપ્તાવસ્થામાં પડેલી હોય જ છે.

અમુક ઠરાવિક પ્રકારના રોગના જંતુઓ માટે અમુક જ પ્રકારના એન્ટીબૉડીઝ શરીરમાં હોય, અને ના પણ હોય તો તાત્કાલિક બનાવી લે. એ શક્તિ પણ શરીરમાં હોય જ છે. વળી આ એન્ટીબૉડીઝ સંખ્યામાં ઓછાં પડે તો એની વૃદ્ધિ કરવાની સગવડ પણ આપણા શરીરમાં છે જ.

વિજ્ઞાન તો એ પણ જાણે છે કે આ ગ્રહ સિવાયનું બીજા કોઈ ગ્રહનું અગર રોગનું જંતુ આપણા શરીરમાં ઘૂસી જાય તો તાત્કાલિક એને મારી શકે તેવું એન્ટીબોડી પણ શરીર બનાવી શકે છે.

અગર મેડિકલશાસ્ત્ર આટલું બધું શરીર વિષે પોઝીટીવ જ્ઞાન ધરાવતું હોય તો એણે વેક્સીનો બનાવવાના ભવાડા બંધ કરી દેવા જોઈએ, પણ એમ કરવાથી એમના ધંધા પડી ભાંગે છે એટલે.

અમે રોગના જુદા જુદા પ્રકારના જંતુઓને પ્રથમ પકડીએ, પછી એમને દવાઓ આપી અધમૂઆ કરી નાંખીએ કે મારી નાંખીએ અને એવા જંતુઓને બાળકોના શરીરમાં ઘુસાડી દઈશું. આવી રીતે ઘૂસેલાં જંતુઓને મારવા બાળકનું શરીર પોતાના એન્ટીબોડીઝ પેદા કરશે. પછી અમે તારીખો નક્કી કરી એક એક વેક્સીનના ઉપરાઉપરી ડોઝ આપીશું. બસ, તમે તમારે જોયા કરો – તમારું બાળક જીવનભર ખાધું પીધું ને રાજ કરશે.

આવા વાહિયાત પોકળ દાવાઓ કરનાર ડફોળો એ વાત જાણવા છતાં સિફતપૂર્વક જણાવવાનું ટાળે છે કે :

(૧) શરીરમાં તો કુદરતી રીતે જ્યારે સાચા રોગનાં જીવંત અને એક્ટીવ જંતુઓ ઘૂસે છે, ત્યારે તે જ ક્ષણે એ એનો સામનો કરવા એન્ટીબોડીઝ બનાવે છે. એનું કાર્ય પૂરું થએ પાછા એની અસલી પરિસ્થિતિ ધારણ કરે છે.

(૨) તો તમે બનાવટી, અડધાં કે સાવ મરેલાં રોગના જંતુઓનો સામનો કરવા બાળકનું શરીર કેટલાં પ્રમાણમાં એન્ટીબોડીઝ બનાવે ? શા માટે બનાવે ? બનેલા સહી ઉપયોગમાં ન લેવાય તો શું થાય ?

(૩) વિનાકારણ આવી કસરત, શ્રમ હજુ તો ઊછરીને એક વરસનું પણ નથી થયું એવા બાળક પર અખતરા રૂપે શા માટે કરવું જોઈએ ? બનાવટી ભય શા માટે?

***"પેલો વાઘ આવ્યો રે વાઘ આવ્યો"***

એવું કેમ ન થાય ? ખરેખરા રોગના જંતુઓ બાળકના શરીરમાં ઘૂસે ત્યારે એ પણ બનાવટી છે એમ સમજી એની પ્રતિકારશક્તિ ગફલતમાં રહે એમ શા માટે ન બને ? ન બને એની શું ખાતરી ?

આપની સંગીન દલીલોના સમર્થનમાં આટલું જ જણાવવું બસ થઈ રહેશે.

***QUOTE :***

***"In one report for instance measles ANTIBODIES were found in the blood of only***

*one of seven vaccinated children who'd gone on to develop measles. They hadn't developed antibodies from either the shot or the disease itself.*

Ref : J Pediatrics 1973; 82, 798-801

*Quote :* આપણી સંગીન દલીલના સમર્થનમાં

***The Public Health Laboratory in London has discovered that quarter of blood donors between the age group of 20 to 29 had insufficient immunity to Diptheria, even though most would have been vaccinated as babies. This percentage doubled among 50 to 59 age group.***

Ref : The LANCET : 1995; 345; 567-9.

મતલબ નાનપણમાં વેક્સીન આપવાથી આખી ઉંમર ઈમ્યુનિટી જળવાઈ રહે છે એ માન્યતા જ સાવ પોકળ છે, બકવાસ છે, પાયાહીન છે.

❑



# ૫. મેડિકલ સાયન્સની મિથ્યાલૉજી

બકવાસ નં. ૧ :

DISEASES HAVE BEEN ELIMINATED PURELY AS A RESULT OF VACCINATION.

ટીકા લગાવવાને કારણે મોટા ભાગની બીમારીઓનો અમે જડમૂળમાંથી નાશ કર્યો છે.

વર્ષો સુધી આમ જનતાને સતત ધમકીઓ આપી ફરજિયાત વેક્સીનેશન્સ આપ્યાં, જેમાં છેલ્લાં ચાર વરસમાં તો રીતસર વેક્સીન ન લેનારને ગુનેગાર ગણી શિક્ષાઓ કરવામાં આવી અને એમના જ વાહિયાત દાવા પ્રમાણે ઈંગ્લેન્ડની સમગ્ર વસ્તીના ૯૭.૫ સત્તાણું પોઈન્ટ પાંચ ટકા વસ્તીને એમણે વેક્સીન્સ આપી દીધા છે. એટલે હવે "સ્મોલપોક્સ (Smallpox) નામની કોઈ બીમારી થવાના સંજોગો જ નથી." એમ છાતી ઠોકીને ઢોલ પીટ્યા પછી ઈ.સ. ૧૮૭૦-૭૨નાં વર્ષોમાં ઈંગ્લેન્ડમાં ઈતિહાસે કદી ના જોયો હોય તેવો સ્મોલપોક્સની બીમારીનો કુદરતી કોપ અનુભવ્યો.

સ્મોલપોકસના ફાટી નીકળેલા આ રોગચાળા (EPIDEMIC)એ જ ઈંગ્લેન્ડમાં ચુમ્માલીસ હજાર માનવીઓ મારી નાંખ્યા.

## સમજદાર કો ઈશારા કાફી

ઈ. સ. ૧૮૭૧માં લેઈસેસ્ટર LEICESTER શહેરની જનતાએ ટીકા લગાડવા દેવાની સાફ ઘસીને ના પાડી દીધી, કારણ ત્યાંની પ્રજાને બરાબર સમજાઈ ગયું કે વેક્સીન આપવાથી બીમારી આવતી અટકતી તો નથી જ પરંતુ વેક્સીનો આપવાથી ભયાનક રોગચાળા હોલસેલમાં ફાટી નીકળે છે.

આ જ શહેરની શાણી સમજદાર પ્રજાએ સ્મોલપોક્સના ફાટી નીકળેલા રોગચાળાના બરાબર વીસ વરસ પછી જ્યારે થોડા ઘણા સ્મોલપોક્સના કેસ થતા જોયા, ત્યારે ઉતાવળા આંધળા બની વેક્સીનો આપવાના ચક્કરમાં ફસાવાને બદલે, શહેરની સ્વચ્છતાની જવાબદારી સ્વેચ્છાએ ઉપાડી લીધી અને જેટલા સ્મોલપોક્સના દર્દીઓ હતા એમને શહેરની બહાર, થોડે દૂર સ્વચ્છ જગ્યામાં રાખી સારવાર આપી.

અંગ્રેજીમાં આ ક્રિયાને QUARANTINE ક્વોરેન્ટાઈન કહેવામાં આવે છે.

આમ કરવાથી લેઈસેસ્ટર શહેરમાં વેક્સીન આપવાને કારણે જે રોગચાળો ફાટી નીકળ્યો હોત તેના બદલે સ્મોલ-પોક્સના ફક્ત ૧૯ કેસ નોંધાયા જેમાંના ઘણા બધા સાધારણ સારવારથી સાવ સાજા થઈ ગયા.



સ્મોલપોક્સથી થયેલા મૃત્યુનું પ્રમાણ દર એક લાખની વસ્તીમાં ફક્ત એક વ્યક્તિ – દર્દી જેટલું જ રહ્યું.

આવી જ બીજી એક સરખામણીમાં વૉરિંગટન WARRINGTON નામના શહેરમાં જ્યાં નવ્વાણું ટકા વસ્તીના માનવીઓને જબરજસ્તી વેક્સીન ઠોકવામાં આવ્યાં હતાં, ત્યાં લેઈસેસ્ટર શહેર કરતાં છ ઘણા સ્મોલપોક્સના કેસ નોંધાયા હતા અને મૃત્યુનું પ્રમાણ લેઈસેસ્ટર કરતાં અગિયાર ઘણું વધારે હતું.

Ref : Campaign against fraudulent Medical Research Newsletter 1995; 2 (3); 5-13. Quoting statistics from London Bills of mortality 1760-1834.

આટલા તમાશા અને ભવાડા થયા પછી લાખ્ખો માનવીઓની જિંદગી બરબાદ કર્યા પછી આખી દુનિયાના સ્વાસ્થ્યનો ઈજારો પોતાને હસ્તક પકડીને બેઠેલી WORLD HEALTH ORGANIZATION (WHO) જેવું છેતરામણું નામ ધરાવતી સંસ્થાએ કબૂલ કર્યું કે :

***"વેક્સીનો રોગોને નાબૂદ કરવામાં જરાય ઉપયોગી પુરવાર થયાં નથી."***

Ref : Bulletin of W. H. O. 1975; 52; 209-22

ન છૂટકે એક લીટીમાં આટલુંય કબૂલ કર્યા પછી પણ

એક વાત કબૂલ કરતાં લાજી મરે છે કે : વેક્સીનો સ્વયમ્ રોગચાળા ફેલાવી શકે છે એટલે હવે પછી અમે વેક્સીનેશનના આંતરરાષ્ટ્રીય ભવાડા પર પડદો પાડી દઈશું. ઈતિશ્રી.

❑

## ૬. મેડિકલ સાયન્સની મિથ્યાલૉજી નં. ૨

મહા બકવાસ નં. ૨ :

THE DISEASES YOU ARE VACCINATED AGAINST ARE DEADLY.

એમનું માનવા બેસીએ તો દરેક ગાંઠ કેન્સરની છે, દરેક છાતીનો દુઃખાવો હાર્ટ એટેક છે, દરેક માથાનો દુઃખાવો મગજનું ટ્યુમર છે અને એમના શરણે નહીં જાઓ તો તમે મરી જશો.

આવો એમના જ હાથે એમના જ ગાલ લાલ કરીએ.

*QUOTE :*

***"The Death rate from Measles plammeted to greater than a 95 percent decline (to 0.03 deaths per 100,000) years before the vaccines were introduced.***



Ref : MICHAEL ALDERSON
International Mortality Statistics
Facts on file - Washington DC 1981

પછી "મીઝલ્સ જાઁ લેવા બીમારી છે" એમ ઠસાવી શા માટે વેક્સીનો લેવા મજબૂર કર્યા ? અને રોગચાળા ફેલાવ્યા ?

### ઔર યે ભી સુન લો

*QUOTE :*

***And to-day, despite the fact that the U.K. has had the TRIPLE MMR (બદનામ) Measles, Mumps, Rubella Vaccine in place since 1988, and enjoys an extra ordinarily high coverage of vaccination among toddlers THE CASES OF MEASLES RECENTLY WERE GOING UP BY NEARLY ONE FOURTH.***

Ref :

Report from the office of the population censuses & surveys - 1993.

As reported in the Independent.

❑

## ૭. મેડિકલ સાયન્સની મિથ્યાલૉજી નં. ૩

મહામહા બકવાસ નં. ૩ :

THE BENIFITS ARE WORTH THE RISK.

(MY FOOT !)

એમનો જ હાથ-ગાલ લાલમ્ લાલ.

*QUOTE :*

***More recently, during a nationwide American Epidemic of WHOOPING COUGH in 1993, a group of researchers from children's Hospital in CINCINNATI OHIO, discovered that : THE EPIDEMIC MAINLY OCCURRED AMONG CHILDREN WHO HAD COMPLETED THE FULL COURSE OF DPT VACCINES***

D - DIPTHERIA

P - PERTUSIS - WHOOPING COUGH

T - TETANUS

Ref : New England Journal of Medicine 1994; 331; 16-21

❑



## ૮. મેડિકલ સાયન્સની મિથ્યાલૉજી નં. ૪

મહાભયંકર બકવાસ નં. ૪ :

THE SIDE-EFFECTS OF VACCINES ARE RARE AND MOSTLY MILD.

વેક્સીનોની આડઅસરો ખૂબ ક્વચિત જ થાય છે અને એ પ્રમાણમાં સૌમ્ય હોય છે.

હકીકત - નગ્ન સત્ય, એ છે કે :

THERE IS NO SUCH THING AS A SAFE DRUG AND THERE IS NO SUCH THING AS A SAFE VACCINE.

આ વાત અગર જે વ્યક્તિ મેડિકલશાસ્ત્રનું પ્રાથમિક જ્ઞાન ધરાવે એ પણ કબૂલ ના કરતું હોય તો એ વ્યક્તિ સરાસર જૂઠી છે, દંભી છે અને દુનિયાભરમાં ફેલાયેલા ભ્રષ્ટ વેક્સીન કલ્ચરનો દલાલ છે.

Centres for Disease Control & Prevention, The highest Government body of infectious diseaseનું પરીક્ષણ પશ્ચાત્ દબાવી દેવામાં આવેલા એક વિધાનના થોડાક જ અંશો :

ભાવાર્થ :

વેક્સીન આપવામાં આવેલા ૫,૦૦,૦૦૦ પાંચ લાખ બાળકોમાં જણાયેલી આડઅસરો :

૧. ચોત્રીસ જેટલાં જુદાં જુદાં રીએક્શનો થતાં હોવાનું જણાયું હતું.
૨. અસ્થમા, લોહીના વિકારો, ચેપી રોગો, કાનની બીમારીઓ, ડાયાબીટીસ જેવા રોગો થયાનું પણ જણાયું હતું.
૩. માનસિક ન્યુરોલોજીકલ બીમારીઓ પણ થતી હોવાનું પુરવાર થયું છે.
૪. જે ન થાય એના માટે આપવામાં આવે છે તે પોલિયો, મિસલ્સ, કોલેરા ઈત્યાદિ બીમારીઓ વેક્સીન આપ્યા પછી થાય છે.

ડૉ. એન્થની મોરિસના જણાવ્યા પ્રમાણે આ રિપોર્ટમાં એમ પણ જણાવ્યું હતું કે DPTના વેક્સીન આપ્યા પછી બાળકોમાં આંકડી, ખેંચતાણ ઈ. રીએક્શન વધુ પ્રમાણમાં આવતાં હતાં ને વેક્સીન આપવાના એક જ દિવસની અંદર થતાં હતાં.

MMR વેક્સીન આપવાના પછીના ગણતરીના દિવસોમાં ફીટ આંકડી આવવી, બેહોશ થઈ જવું એવા કેસોની ટકાવારી સો બાળકોમાંના વીસ જેટલી હતી.



અલબત્ત આ બધા રિપોર્ટોમાંની એક પણ બાતમી જે બાળકોને વેક્સીન આપ્યા હતા એમનાં મા-બાપોને આપવામાં આવી ન હતી. એટલે એ અભાગિયાઓ આવા વેક્સીનથી આવેલા રીએક્શનો વાળાં બાળકોને જ્યારે જ્યારે ડૉક્ટરો કે હૉસ્પિટલમાં બતાવવા લઈ ગયા હશે ત્યારે કોઈપણ ડૉક્ટરે ફક્ત માણસાઈ ખાતર પણ એ કબૂલ નહીં કર્યું હોય કે તારા બાળકને બીમાર પાડવાનું પરાક્રમ એણે લીધેલા વેક્સીનનું પરીણામ છે.

ઊલટ એણે બાળકને આવેલા બધા જ રીએક્શનોને એક જુદી જ બીમારીમાં ખપાવી વળી એના પાછા ઈલાજો કર્યા હશે, પૈસા પડાવ્યા હશે ને વધુ બીમારીઓ પેદા કરી જ હશે.

અલબત્ત પેલા વિષારી-ઝેરી-મારક વેક્સીનો બીજાં હજારો બાળકોને આપવાનું પુણ્ય (?) નું કાર્ય જારી રાખ્યું હશે.

Courtesy : W. D. D. T. Y. Page 135-36

❑

## ૯. વેક્સીનો નવી બીમારીઓ પેદા કરે છે

આ વિષય પર મારી પાસે જે ભરચક માહિતી છે, તે ખૂબ જ અટપટી ગૂંચવાડાભરી મેડિકલ ભાષામાં છે, અને

એનો એક અંશ પણ હું લખવા બેસું તો એક આખું પુસ્તક લખાઈ જાય તેમ છે.

ખૂબ જ સીમિત જગ્યામાં મારે શક્ય તેટલી માહિતી સમાવવી છે એટલે ફક્ત એટલું જ કહું છું.

જો તમને આ પુસ્તિકાના લખાણની શરૂઆતથી અહીં સુધીની વાત સમજાઈ હોય, અને લખાણ પર વિશ્વાસ આવતો હોય તો એક વાત બરાબર સમજી લ્યો.

તમારા વહાલા બાળકને ટીકા લગાવવાથી બીમારી નહીં થાય એ ભ્રમ શક્ય તેટલો જલદી ભેજામાંથી કાઢી જ નાંખો.

એ વાત પણ બરાબર યાદ રાખો કે ફક્ત એક જ વેક્સીન આપવાથી તમારા બાળકને એક કે એકથી વધુ બીમારીઓ થવાના સંજોગો ખૂબ ખૂબ ઊજળા છે અને આ બીમારીઓમાંની કેટલીક એવી છે જે તમારા બાળકને આજીવન શારીરિક કે માનસિક રીતે અપંગ કરી શકે છે યા મારી પણ શકે છે.

પછી એમ ના કહેતા કે :

**તેલ ખૂટ્યું કે વાટ તૂટી**
**એ અમને ના સમજાયું.**
**કલીમાંથી એક ફૂલ ખીલે**
**એ પહેલાં એ કેમ કરમાયું ?**

□



# ૧૦. અને ફરી મળીએ તે પહેલાં

આ પુસ્તિકામાં આપેલ માહિતી ઈંગ્લેન્ડ-અમેરિકા જેવા સુધરેલા દેશોમાં સુશિક્ષિત જાગૃત પ્રજા અને જવાબદાર સરકારોએ કરેલા સર્વેક્ષણોની માહિતીમાંથી લીધેલી છે.

આજના યુગમાં સુધરેલા દેશો ત્રીજા-વિશ્વના આપણા જેવા દેશો પર એમના કેટલાંય ગંદાં બાળોતિયાં ધોવાના પ્રયાસો માટે જગજાહેર છે.

વેક્સીન કલ્ચર પણ આમાંનું એક સુવ્યવસ્થિત ષડ્યંત્ર છે જે આપણી અબુધ પ્રજા પર જબરજસ્તીથી ઠોકી બેસાડવામાં આવ્યું છે.

વૈશ્વિક સ્તરે ફાટી નીકળેલા સારવાર ક્ષેત્રના ભ્રષ્ટાચારને નાથવાની વાતો કરવી એ પણ મૂર્ખાઈ છે, પરંતુ એક એક ડગલું વિચારીને ભરતા તો આપણને કોઈ રોકી શકતું નથી.

તમારા બાળકને આપવામાં આવતા વેક્સીન વિષે શક્ય તેટલી માહિતી મેળવી લ્યો.

**સંતોષ થાય તો અવશ્ય અપાવો.**
**ના થાય ત્યાં સુધી રાહ જુઓ**

આંખ બંધ કરી ડગલું મૂકી
ખાડામાં પડી પસ્તાવા કરતાં
જોઈને ડગલું ભરવાનું વધુ સલાહભર્યું નથી ?
બાળક તમારું છે.
*CHOICE IS YOURS*

••